ફોજદારી કેસ નંબરઃ**8614–2019**

**આંક–૦૧ લગત હુકમઃ–**

સદરહું કામે તપાસ કરનાર અમલદારે હાલના આરોપી સામે બોમ્બે પોલીસ એકટની કલમઃ ૧૪૨ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.મજકુર આરોપી હાલ જામીન પર છે.

મજકુર કેસની હકીકત જોતાં હાલના આરોપીએ બી.પી.એકટની કલમઃ ૫૬/૫૭ અંતગર્ત સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી રાજકોટ નાએ કરેલ હુકમ મુજબ રાજકોટ જીલ્લાની હદથી તડીપાર કરતો હુકમ કરેલ અને તે હુકમ હોવા છતાં હાલના આરોપીએ વગર પરવાનગીએ રાજકોટ જીલ્લાની હદમાં પ્રવેશ કરી પકડાઈ ગયેલ હોઈ બી.પી.એકટની કલમઃ ૧૪૨ મુજબનો ગુનો કરેલ હોઈ પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર.દાખલ કરી તપાસના અંતે ચાર્જશીટ અત્રેની અદાલતમાં મજકુર નંબરથી રજુ કરેલ છે.

ઉપરોકત હકીકતે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ થતાં મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી દ્ધારા સી.આર.પી.સી.કલમઃ ૧૯૦(૧)(ખ) અંતગર્ત કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.પરંતુ સદરહું કેસનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં આરોપી સામે જયારે બી.પી.એકટની કલમઃ ૧૪૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો આક્ષેપ હોઈ, સદરહુ ગુનો કોગ્નીજેબલ છે કે નોન કોગ્નીજેબલ ? તે હકીકત મહત્વની બની જાય છે અને આ બાબતે બોમ્બે પોલીસ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં કલમઃ ૬૨ માં આ પ્રકારના કીસ્સાઓ બાબતેની કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ જયારે બી.પી.એકટની કલમઃ ૫૫, ૫૬,૫૭ કે ૫૭(એ) હેઠળનો કોઈ વ્યકિત વિરૂદ્ધ આદેશ કરવામાં આવે ત્યારે તેવી વ્યકિતને આદેશ મુજબ જીલ્લાની હદ બહાર મોકલવામાં આવશે અને તે પુર્વે પરવાનગી વગર તે જીલ્લાની હદમાં દાખલ થઈ શકશે નહી અને તે વ્યકિત આવા હુકમનો ભંગ કરીને જીલ્લાની હદમાં પ્રવેશ કરે તો પોલીસ બી.પી.એકટની કલમઃ ૭૨(૨) અંતગર્ત તેવી વ્યકિતને વગર વોરંટે એરેસ્ટ કરી શકાશે, અને તે રીતે બી.પી.એકટની કલમઃ ૭૯ જોતાં પોલીસની હાજરીમાં કલમઃ ૧૧૦,૧૧૭,૧૨૫, ૧૩૦ અને ૧૩૧ ની સબ કલમ (૧)(૪) અથવા (૫) અને કલમઃ ૧૩૫ ની કલમ (૧) અને કલમ ૩૯ અને ૪૦ ના ઓર્ડરના ભંગ બદલના ગુના સબબ કોઈ પણ આરોપીની વગર વોરંટે ધરપકડ કરી શકાશે.

આથી ઉપરોકત તમામ જોગવાઈઓ જોતાં, બી.પી.એકટની કલમઃ ૭૨, બી.પી.એકટની કલમઃ ૫૬,૫૭, ૫૭(એ) ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવે તો માત્ર વગર વોરંટે ધરપકડ કરી શકવાના અધિકાર કાયદાએ આપેલા છે. આ સિવાય અન્ય કોઈ જોગવાઈ કોગ્નીજેબલ કે નોન કોગ્નીજેબલ ગુના માટે દર્શાવેલ નથી.

હવે જયારે બોમ્બે પોલીસ એકટમાં, બી.પી.એકટની કલમઃ ૧૪૨ કોગ્નીજેબલ કે નોન કોગ્નીજેબલ છે, તે બાબતે સાયલન્ટ હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો એટલે કે, સી.આર.પી.સી.કલમઃ ૪(૨) ની જોગવાઈ જોતાં સી.આર.પી.સી.ની જોગવાઈઓ લાગુ પાડી શકાય અને સી.આર.પી.સી.માં કોગ્નીજેબલ અને નોન કોગ્નીજેબલ ગુનાની વ્યાખ્યા આપેલ છે, તે જોતાં આઈ.પી.સી.ના ગુનાઓ બાબતે અનુસુચી ૧ પાર્ટ–૧ માં જોગવાઈઓ કરેલ છે.જયારે આઈ.પી.સી. સિવાયના અન્ય કાયદાઓના ગુના સબબ સી.આર.પી.સી.અનુસુચી ૧ પાર્ટ–૨ માં જોગવાઈ કરેલ છે તે મુજબ જે ગુનાની સજા ત્રણ વર્ષ કરતા ઓછી અથવા દંડ અથવા બંને હોય તો તેવા ગુનાઓનો સમાવેશ નોન કોગ્નીજેબલ ગુનાઓમાં કરવામાં આવેલ છે.

હવે બી.પી.એકટની કલમઃ ૧૪૨ મુજબના ગુનાની સજા જોઈએ તો, મહત્તમ સજા બે વર્ષ સુધીની છે

અને ઉપર ચર્ચા કર્યા મુજબ જયારે બી.પી.એકટમાં સદર ગુનો કોગ્નીજેબલ હોવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમઃ ૪(૨) ની જોગવાઈઓ ધ્યાને લેતાં સી.આર.પી.સી.ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેમ હોય તેથી સી.આર.પી.સી.શીડયુલ ૧ પાર્ટ–૨ ની જોગવાઈઓ ધ્યાને લેતાં અને બી.પી.એકટની કલમઃ ૧૪૨ ના ગુનાની મહત્તમ સજાને ધ્યાને લેતાં સદર ગુનો નોનો કોગ્નીજેબલ ગુનો ગણી શકાય.

હવે બી.પી.એકટની કલમઃ ૭૨(૨) કે જેમાં બી.પી.એકટની કલમઃ ૧૪૨ ના ગુના બાબતેની કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે અને તે જ રીતે બી.પી.એકટની કલમઃ ૭૯,૮૦ માં બી.પી. એકટના બીજા ગુનાની કાર્યવાહી દર્શાવેલ છે અને બંનેની કાર્યવાહી એકસરખી છે બંને જોગવાઈઓમાં માત્ર પોલીસને વગર વોરંટે ધરપકડ કરવાના પાવર્સ આપેલા છે અને તે હકીકતને ટાંકીને નામદાર વડી અદાલતે ક્રીમી.મી.એ.નં.૧૫૨૨૬/૦૭ કે જે જયોત્સનાબેન ગોવિંદભાઈ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર વગર વોરંટે ધરપકડ કરવાના અધિકારથી જ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી અને તેથી તપાસ કરનાર અમલદાર સી.આર.પી.સી.ની કલમઃ ૧૫૫(૨) ની પરવાનગી સિવાય આવા ગુનામાં તપાસ કરી શકે નહી અને આવો કોઈ કીસ્સો બને તો, પ્રથમ સી.આર.પી.સી.ની કલમઃ ૨(ડી) મુજબની ફરીયાદ દાખલ કરી કોર્ટ પાસેથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળની તપાસ કરી શકાય અને દેખીતી રીતે જ જયારે સી.આર.પી.સી.ની કલમઃ ૧૫૫(૨) ની જોગવાઈઓનો ભંગ થયેલ હોય ત્યારે સમગ્ર ટ્રાયલ દુષિત ગણાય.

વિ.એ.પી.પી.શ્રીને પણ આ બાબતે સાંભળતા, તેમના તરફે સખત વાંધો ઉઠાવી રજુઆત કરેલ છે કે, બી.પી.એકટની કલમઃ ૧૪૨ નો ગુનો કોગ્નીજેબલ ગણાય અને તે બાબતે તેઓએ અવિનાશ મધુકરનો ૨૭ જુન૧૯૮૩ નો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે.તે પણ માનસહ વંચાણે લેતાં, તેના પેરા (૧૦) ની હકીકતે એ નામદાર કોર્ટનું ફાઈનલ કન્કલુઝન નથી અને ફાઈનલ કન્કલુઝન જોતાં બી.પી.એકટની કલમઃ ૧૪૨ના ગુનાને નોન કોગ્નીજેબલ ગણવામાં આવેલ છે અને તેથી વિ.એ.પી.પી.શ્રીનો વાંધો ઉપરોકત તમામ ચુકાદાઓની સાથે સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના વાઘરી જયોત્સનાબેનના ચુકાદાને આધીન ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. તે જ રીતે અન્ય ચુકાદાઓ જોઈએ તો, ૨૦૦૦(૦) (ક્રિ.લો.જ.) શીવાનંદ ગીરધર નાયક વિરૂદ્ધ સીનીયર ઈન્સ્પેકટર ઓફ પોલીસતથા પાઉલરાજ જોસેફ નદરવિ.ભાવેનો નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો કે જેમાં અવિનાશના ચુકાદાને ટાંકીને નામદાર બોમ્બે હાઈકોર્ટે બી.પી.એકટની કલમઃ ૭૨ની ચર્ચા કરી બી.પી.એકટની કલમઃ ૩૩(૧)( ડબલ્યુ) ની સાથે કલમઃ ૧૩૧ વાંચતા તે ગુનો નોન કોગ્નીજેબલ હોવાનું તારણ આપેલ છે.

આમ, ઉપરોકત સમગ્ર કેસ લો તથા બી.પી.એકટની કલમઃ ૬૨,૬૬,૭૨,૭૯, ૮૦ ની સાથે સાથે સી.આર.પી.સી.ની કલમઃ ૪(૨) અને અનુસુચી ૧ પાર્ટ –૨ વંચાણે લેતાં બી.પી.એકટની કલમઃ ૧૪૨ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ હોવાનું નિર્વિવાદપણે ફલીત થાય છે અને જયારે ગુનો નોન કોગ્નીજેબલ હોય ત્યારે આઈ.ઓ.એ સી.આર.પી.સી.ની કલમઃ ૨(ડી) મુજબ લેખીત ફરીયાદ કરી સી.આર.પી.સી.ની કલમઃ ૧૫૫(૨) મુજબ કોર્ટની પરવાનગીથી તપાસ કરવી જોઈએ જે હાથ પરના કેસમાં થયેલ હોવાનું જણાતુ નથી અને આઈ.ઓએ સ્ટેટવે સી.આર.પી.સી.કલમઃ ૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ નોંધી આગળની તપાસ કરેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે જ સમગ્ર કાયદાને દુષિત બનાવતી હોઈ અને કાયદાની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થયેલ ન હોઈ સદર કામ સી.આર.પી.સી.કલમઃ ૧૫૫(૨) થી સંપુર્ણ પણે બાધીત થવાનું ફલીત થતુ હોય સબબ કામ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>આખરી હુકમ</u>**

સદરહું કેસની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમઃ ૧૫૫(૨) થી બાધીત હોય ફરીયાદીને કાયદા મુજબના યોગ્ય પગલા લેવાની છુટ સાથે હાલની કાર્યવાહી સી.આર.પી.સી.કલમઃ ૨૫૮ અંતર્ગત ડ્રોપ કરવાનો હુકમ કરૂ છું.

હુકમ આજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજની લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૭/૨૦૧૯
રાજકોટ.

(એસ.વી.મનસુરી)
ચીફ જયુડીશીચલ મેજીસ્ટ્રેટ રાજકોટ.
જીજે- ००७००